જલાલપોરના મહુડીના પશુપાલક પરિવારની વ્યથા, મોત આટલું નજીક આવી ગયું....

## વીજ કંપનીએ લાઈન પશુશેડને ચોંટાડી

**“શિફ્ટિંગનો** ખર્ચ તમે કરો અથવા બાંધકામ દૂર કરો” તંત્રનો જવાબ

**જૂની** લાઈન સલામત અંતરે હતી, નવી કેબલ શેડને અડીને પસાર થાય છે

**ગરીબ** અને આદિવાસી પરિવાર પર ખર્ચનો ભાર મૂકવો યોગ્ય નથી: સ્થાનિકો

નવસારીઃ જલાલપોર તાલુકાના મહુડી ગામના ભીમપાળ ફળિયામાં રહેતા એક આદિવાસી પરિવાર માટે વીજ વિભાગની કાર્યવાહી જીવન જોખમ સમાન પરિસ્થિતિ ઊભી કરતી હોવાનું સામે આવ્યું છે. પશુપાલન અને ખેતી મજૂરી કરીને જીવન ગુજારતા ગમનભાઈ ગોવનભાઈ પટેલના પશુશેડ ઉપરથી DGVCLની વીજલાઈન જોખમી રીતે પસાર થતાં પરિવાર ચિંતામાં મુકાયો છે. માહિતી મુજબ, અગાઉ શેડ ઉપરથી પસાર થતી ખુલ્લી વીજલાઈન યોગ્ય અને સલામત અંતરે હતી. પરંતુ પરિવારની ગેરહાજરી દરમિયાન વિભાગ દ્વારા ખુલ્લી લાઈનને બદલે કેબલ વાયર નાખવામાં આવ્યો, જે શેડને અડીને નીચી ઊંચાઈએ પસાર થાય છે. જેના કારણે પશુઓ અને પરિવારના સભ્યો માટે વીજ અકસ્માતનો ભય ઊભો થયો છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગમનભાઈ દ્વારા લાઈનને નિયમ મુજબ યોગ્ય ઊંચાઈએ ગોઠવવા અરજી કરવામાં આવી હતી. જોકે, ઉકેલ આપવા બદલે વિભાગ દ્વારા લાઈન શિફ્ટિંગનો ખર્ચ જાતે ભરવા અથવા બાંધકામ નિયમ કરતાં વધુ ઊંચું હોય તો તેને દૂર કરવાની નોટિસ આપવામાં



આવી હોવાનું જાણવા મળે છે.

પરિવારનો દાવો છે કે પશુશેડનું બાંધકામ વર્ષોથી અસ્તિત્વમાં છે અને તેની ઉપરથી અગાઉની લાઈનો સલામત અંતરે પસાર થતી હતી. આવી સ્થિતિમાં લાઈન બદલ્યા બાદ ઊભી થયેલી જોખમી પરિસ્થિતિ માટે વિભાગે જવાબદારી સ્વીકારવી જોઈએ તેવી માંગ કરવામાં આવી રહી છે.

સ્થાનિકોમાં પણ આ મામલે અસંતોષ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે ગરીબ અને આદિવાસી પરિવાર પર ખર્ચનો ભાર મૂકવો યોગ્ય નથી. હવે સવાલ એ ઊભો થયો છે કે જો આવી પરિસ્થિતિમાં કોઈ દુર્ઘટના બને તો તેની જવાબદારી કોણ લેશે? પરિવારે તંત્ર સમક્ષ માંગ કરી છે કે માનવ અને પશુ સુરક્ષાને ધ્યાનમાં રાખી વીજ લાઈનને તાત્કાલિક સલામત અંતરે ગોઠવવામાં આવે અને જોખમભરી પરિસ્થિતિ દૂર કરવામાં આવે.

## વલસાડ શહેર, હાઈવે ઉપર ગાઢ ધુમ્મસ

**વાહનોની** હેડ લાઇટ ચાલુ રાખવાની ફરજ પડી, કેરીને પાકને નુકસાનની શક્યતા



વલસાડઃ વલસાડમાં બુધવારે વહેલી સવારથી ગાઢ ધુમ્મસનું વાતાવરણ સર્જાતા વિઝિબિલિટી ઘટી જતાં વાહનચાલકોએ હેડ લાઇટ ચાલુ રાખી વાહનોની ગતિ નિયંત્રણમાં કરવાની ફરજ પડી હતી.

વલસાડના મુખ્ય માર્ગો ઉપરાંત સ્ટેટ અને નેશનલ હાઈવે ઉપર પણ માર્ગ ધુમ્મસથી ઘેરાઈ ગયો હતો અને વાતાવરણમાં ભારે ઠંડક જોવા મળી હતી. બીજી તરફ ધુમ્મસને લઈ કેરીની ફૂટેલી મંજરી અને નાની કણીઓને નુકસાનની ભીતિ ખેડૂતોએ વ્યક્ત કરી હતી.

સાથે સાથે ફુગ અને જીવાતનો ઉપદ્રવ વધવાની શકતા ખેડૂતો જણાવી રહ્યા છે. ત્યારે ખેતીવાડી વિભાગ કૃષિ કેન્દ્રો દ્વારા ખેડૂતોને ત્વરિત માર્ગદર્શન આપવાની જરૂરિયાત રહેલી છે.

## નવસારી મહાનગર પાલિકાના જ સુરક્ષાકર્મીઓ આર્થિક અસુરક્ષિત

**ગાર્ડ્સને** બે મહિનાથી પગારના ફાંફાં, સિક્યોરિટીનું કામ જેને સોંપાયું તે નવી એજન્સીએ કામગીરી શરૂ નહીં કરતાં અવ્યવસ્થાનો માહોલ

નવસારીઃ નવસારી મહાનગરપાલિકામાં એજન્સી બદલવાની પ્રક્રિયા વચ્ચે સર્જાયેલી પ્રશાસકીય ગૂંચવણનો સીધો ફટકો હવે સિક્યુરિટી કર્મચારીઓને પડી રહ્યો છે. છેલ્લા એક વર્ષથી કામગીરી સંભાળી રહેલી જલારામ એજન્સીને બદલે નવી પેન્થર એજન્સીને જવાબદારી સોંપવામાં આવી છે, પરંતુ નવી એજન્સી સમયસર કામગીરી સંભાળી શકી





નહીં. પરિણામે પાલિકા પ્રશાસને ફરી જલારામ એજન્સીને વધુ 15 દિવસ માટે કામગીરી ચાલુ રાખવા જણાવ્યું છે.

આ વ્યવસ્થાકીય ઉથલપાથલ વચ્ચે સિક્યુરિટી કર્મચારીઓના જણાવ્યા મુજબ, છેલ્લા બે મહિનાથી તેમને પગાર મળ્યો નથી. અગાઉ પણ પગાર વિલંબના મુદ્દે અસંતોષ ઉભો થયો હતો, છતાં સ્થિતિમાં સુધારો થયો નથી.

સિક્યુરિટી કર્મચારીઓનું કહેવું છે કે સમયસર ફરજ બજાવ્યા છતાં પગાર માટે રાહ જોવી પડે છે, જેના કારણે પરિવારનું ગુજરાન ચલાવવામાં મુશ્કેલી પડી રહી છે.

### સુરક્ષાકર્મીઓ જ આર્થિક રીતે અસુરક્ષિત, નવી એજન્સી સામે કોઈ કાર્યવાહી કેમ નહીં?

આ મામલે શહેરમાં કટાક્ષભરી ચર્ચા ચાલી રહી છે. શહેરની સુરક્ષા માટે તૈનાત કર્મચારીઓ પોતે જ આર્થિક અસુરક્ષામાં જીવતા હોય, તો વ્યવસ્થાની સ્થિતિ શું કહેવાય? બીજી તરફ, નવી પેન્થર એજન્સી દ્વારા સમયસર કામગીરી શરૂ ન થવા છતાં તેની સામે કોઈ કડક કાર્યવાહી થઈ છે કે નહીં તે અંગે પણ સવાલો ઊભા થયા છે. તંત્ર તરફથી સ્પષ્ટતા ન થતાં અસંતોષ વધુ વધ્યો છે.

## બીલીમોરામાં પરિણીતાનો ઘરના 9મા માળેથી પડતું મૂકી આપઘાત

**પતિ**-પુત્ર સાથે રાત્રીભોજન કર્યા બાદ બારીમાંથી ભૂસ્કો મારી દીધો, ઘણાં સમયથી માનસિક તાણમાં હોવાની ચર્ચા

બીલીમોરાઃ બીલીમોરાના સોમનાથ રોડ પર ભેરુનાથ ટાવરના 9મા માળે રહેતા 51 વર્ષીય રશ્મિકાબેન કમલેશભાઈ પાંચાલે ઘરની બારીમાંથી રાત્રે 11 કલાકે પડતું મૂકી જીવન ટૂંકાવ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ ઘટનાના થોડા સમય અગાઉ જ રશ્મિકાબેન, તેમના પતિ અને પુત્રએ સાથે બેસીને રાત્રિ ભોજન લીધું હતું. જમ્યા બાદ પરિવારના સભ્યો પોતપોતાના રૂમમાં ગયા હતા.



રશ્મિકાબેને આગળના રૂમની લાઈટ ચાલુ કરી હતી, જેથી તેમના પતિને લાગ્યું કે તેઓ કોઈ ઘરકામ કરી રહ્યા હશે. અચાનક નીચેથી એક જોરદાર અવાજ આવ્યો. પતિ અને પુત્ર દોડતા રૂમમાં ગયા તો મોટાભાગે બંધ રહેતી બારી ખુલ્લી હતી. નીચે જોયું તો રશ્મિકાબેન લોહીલુહાણ હાલતમાં પડ્યા હતા. પિતા પુત્ર દોડતા નીચે પહોંચ્યા, પરંતુ રશ્મિકાબેનના પ્રાણ પખેરૂ ઉડી ગયુ હતું.

માહિતી મુજબ, રશ્મિકાબેન છેલ્લા કેટલાક સમયથી માનસિક તણાવ સામે ઝઝૂમી રહ્યા હતા. વલસાડના મનોચિકિત્સક પાસે તેમની સારવાર પણ ચાલતી હતી. જો કે, હજુ સુધી એ સ્પષ્ટ થઈ શક્યું નથી કે તેમણે કયા સંજોગોમાં આવું પગલું ભર્યું. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો છે. બીલીમોરા પોલીસના મહિલા પીએસઆઈ કારેણા આ સમગ્ર મામલે તપાસ કરી રહ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વિજલપોરમાં છત્રપતિ શિવાજી મહારાજની 369મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી



નવસારી :વિજલપોર શહેરમાં છત્રપતિ શિવાજી મહારાજની 369મી જન્મજયંતી નિમિત્તે ઉત્સાહ અને ગૌરવભેર ઉજવણી કરવામાં આવી હતી. શ્રી શિવ છત્રપતિ યુવા મિત્ર મંડળના આયોજન હેઠળ કેસરિયા ધ્વજ અને ઢોલ-તાશાના ગર્જતા નાદ વચ્ચે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. ઉજવણીના ભાગરૂપે ધાર્મિક અને સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. રક્તદાન શિબિર યોજાતા મોટી સંખ્યામાં યુવાનો અને નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આયોજકોના જણાવ્યા મુજબ કાર્યક્રમનો હેતુ યુવા પેઢીમાં છત્રપતિ શિવાજી મહારાજના શૌર્ય, સ્વાભિમાન અને રાષ્ટ્રભાવનાના આદર્શો પ્રત્યે પ્રેરણા જગાવવાનો છે. સમગ્ર કાર્યક્રમ દરમિયાન એકતા, સંસ્કૃતિ અને દેશપ્રેમનો માહોલ જોવા મળ્યો હતો.

### આજે વિજલપોરના શ્રી વિઠ્ઠલ મંદિરનો જીર્ણોદ્ધાર મહોત્સવ, પૂર્વ સંધ્યાએ ભવ્ય કળશયાત્રા યોજાઈ

નવસારીઃ વિજલપોરના શ્રી વિઠ્ઠલ મંદિરના આવતીકાલે યોજાનારા જીર્ણોદ્ધાર મહોત્સવ પૂર્વે ભવ્ય કળશ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શોભાયાત્રામાં મહિલાઓ પરંપરાગત વેશભૂષામાં માથા પર કળશ ધારણ કરી જોડાઈ હતી. ભજનમંડળીઓ દ્વારા વિઠ્ઠલના ભક્તિગીતો, નામસંકીર્તન અને ભજનની રમઝટ બોલાવવામાં આવતા સમગ્ર વિસ્તાર ભક્તિના રંગે રંગાઈ ગયો હતો. ભક્તિમય ધૂન અને જયઘોષ સાથે શ્રદ્ધાળુઓ ભક્તિભાવપૂર્વક યાત્રામાં જોડાયા હતા. આવતીકાલે મંદિરના જીર્ણોદ્ધાર પ્રસંગે વિશેષ પૂજા-અર્ચના, હવનવિધિ, મહાપ્રસાદ તેમજ વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર પ્રસંગને લઈ ભક્તોમાં ભારે ઉત્સાહ અને શ્રદ્ધાનો માહોલ જોવા મળી રહ્યો છે.

### શિવાજી મહારાજની જન્મજયંતી નિમિત્તે વઘઈમાં ભવ્ય રેલી યોજાઈ





સાપુતારાઃ ડાંગ જિલ્લામાં આહવા તેમજ વઘઈ ખાતે મરાઠા સામ્રાજ્યના સ્થાપક અને હિંદુઓના આરાધ્ય સમ્રાટ છત્રપતિ શિવાજી મહારાજની ૩૯૬મી જન્મજયંતિ નિમિત્તે ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતુ. વઘઈમાં અંબામાતા મંદિરથી ચાર રસ્તા ગાંધી મેદાન સુધી ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં મોટી સંખ્યામાં યુવાનો, સમાજના આગેવાનો તેમજ સ્થાનિક નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રેલી દરમિયાન “જય શિવાજી”ના ગગનભેદી નારાઓથી સમગ્ર વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો. રેલી પૂર્ણ થયા બાદ વઘઈ સ્થિત અંબામાતા મંદિર ખાતે હિન્દુ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સંમેલનમાં મુખ્ય વક્તા તરીકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, ગુજરાત પ્રાંતના અશોકભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા તેમજ આશીર્વચન પુજ્ય પી.પી. સ્વામી દ્વારા આપવામાં આવ્યા હતા. સંમેલનમાં છત્રપતિ શિવાજી મહારાજના શૌર્ય, રાષ્ટ્રપ્રેમ, સ્વરાજ્યની ભાવના અને સંસ્કૃતિના રક્ષણ માટેના કાર્યોને યાદ કરવામાં આવ્યા હતા તેમજ તેમના આદર્શોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ અવસરે શિવાજી મહારાજની પ્રતિમાને ફૂલહાર અર્પણ કરી પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે વઘઈ પોલીસ વિભાગ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

### બીલીમોરા બ્રાઇટ સ્ટાર ઇન્ટરનેશનલ સ્કૂલમાં ગ્રાન્ડપેરેન્ટ્સ ડે ઉજવાયો





બીલીમોરાઃ બીલીમોરા બ્રાઇટ સ્ટાર ઇન્ટરનેશનલ સ્કૂલ પૂર્વ પ્રાથમિક વિભાગમાં બુધવારે ગ્રાન્ડપેરેન્ટ્સ ડે ઉજવાયો હતો. શાળાના વિદ્યાર્થીઓએ દાદા-દાદી પ્રત્યેના પ્રેમ અને લાગણીઓને વ્યક્ત કરતા મધુર ગીતો સાથે આકર્ષક નૃત્ય રજૂ કર્યા હતા. તેમની મનમોહક રજૂઆતથી સમગ્ર વાતાવરણ ભાવવિભોર બની ગયું હતું. શાળાના શિક્ષકવર્ગ દ્વારા દાદા-દાદી ને વિવિધ મજેદાર રમતો રમાડી હતી, જેમાં ૧૦૦થી વધુ દાદા-દાદીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અંતે દાદા-દાદીઓએ પોતાના અનુભવો વ્યક્ત કરતાં જણાવ્યું કે તેઓએ કાર્યક્રમનો ખૂબ આનંદ માણ્યો અને પોતાની બાળપણની યાદો વાગોળી હતી. તેમણે ટ્રસ્ટ અને શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા અને આવી પ્રવૃત્તિઓ દ્વારા પેઢીથી પેઢી વચ્ચેનો સ્નેહ વધુ મજબૂત બને છે તેવી લાગણી વ્યક્ત કરી હતી. ટ્રસ્ટના અધ્યક્ષ ડો. સુર્યકાંત પટેલ, નીના મહેતા, ખજાનચી મનીષ દેસાઈ તેમજ ટ્રસ્ટી જયશ્રી દેસાઈ, અશોકભાઈ ભટ્ટ અને શ્રી પ્રથમેશ વશીએ શિક્ષકોના અવિરત પ્રયત્નો અને દાદા-દાદીઓના ઉત્સાહની પ્રશંસા કરી હતી.

## સાયબર ક્રાઈમના માસ્ટર માઈન્ડના આગોતરા જામીન કોર્ટે ફગાવ્યા

**અમેરિકન** નાગરિકોને ધમકાવીના પૈસા ઉસેટવાનું કોલ સેન્ટર ચલાવતો હતો, ભીલાડની હોટલમાંથી અગાઉ 14 આરોપી ઝડપાયા હતા

વાપીઃ ભીલાડ હાઈવે પરની ક્રિસ્ટલ ઈન હોટલમાં રૂમ ભાડે રાખી અમેરિકન નાગરિકો સાથે છેતરપિંડી કરતી મુંબઈની ઠગ ટોળકીને સુરત રેન્જ આઈજીની સાયબર ક્રાઈમ ટીમે 16મી સપ્ટેમ્બર 2025ના રોજ મધ્યરાત્રિએ છાપો મારી 14 ઈસમોને ઝડપી પાડ્યા હતાં. જેઓ પાસેથી 10 લેપટોપ, 23 મોબાઈલ સહિત રૂ. 6,39,300 નો મુદ્દામાલ કબજે કરાયો હતો. સાયબર ક્રાઈમની ટીમે ઝેરાર ઉર્ફે મિસમ અમલદાર હૈદર અને અઝરુલ ઈસ્લામ અમાનત મલેકની મધ્યરાત્રિએ અટક કરી હતી.

જ્યારે વોન્ટેડ આરોપી સની પાંડે માસ્ટર માઈન્ડ હતો. જેણે મુંબઈમાં ઓન લાઈન છેતરપિંડી કરવામાં માહિર છોકરાઓને ટેલી કોલર તરીકે પગાર પર નોકરીએ રાખ્યા હતાં. મુંબઈનો આરોપી સની પાંડેએ સહઆરોપીઓને પેપલ નામની ઈમેઈલ આઈડી પણ બનાવી આપી હતી. બુધવારે આરોપી સની પાંડેએ વાપીના ત્રીજા એડિશનલ ડિસ્ટ્રિક્ટ કોર્ટના જજ પુષ્પાબેન સૈની સમક્ષ પોલીસ ધરપકડથી બચવા આગોતરા જામીનઅરજી કરતા એજીપી રાકેશ ચાંપાનેરિયાની દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે તેને નામંજૂર કરવાનો હુકમ કર્યો હતો. આરોપી સનીએ અગાઉ હાઈકોર્ટમાં પણ આગોતરા જામીન માટે અરજી કરતા કોર્ટે તેને ફગાવી દેવાનો હુકમ કર્યો હતો.

## પારડીના 11 વર્ષીય વિદ્યાર્થીનું તળાવમાં ડૂબી જતાં મોત

**ઘરેથી** પ્રાથમિક શાળાએ જવા નીકળ્યો હતો

પારડીઃ પારડીના શિવનગરમાં રહેતા અને કંસારવાડ શાળામાં અભ્યાસ કરતા ૧૧ વર્ષીય યુવરાજ લક્ષ્મણ રાજભાર નામના બાળક સવારે 10કલાકે ઘરેથી શાળાએ જવા નીકળ્યો હતો. બાદમાં મોડી સાંજે તે પારડી તળાવમાં ડૂબી જતા મોત નીપજવાની ઘટના બનતા પારડી પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, યુવરાજ આજે સવારે ૧૦ વાગ્યાના અરસામાં ઘરેથી શાળાએ જવા નીકળ્યો હતો. ત્યારબાદ તે કોઈ કારણસર પારડીના ઐતિહાસિક 99 એકરના તળાવના કિનારે પહોંચ્યો હતો. આ



દરમિયાન તે પાણીમાં ડૂબી ગયો હતો. બાળક ડૂબ્યાની ઘટનાની જાણ સાંજે થતાં પારડી પોલીસ, ફાયર સહિત સ્થાનિક લોકો અને રાહદારીઓમાં તેમજ પરિવારમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી પારડીની માંગેલા લાઈફ સેવર ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ટીમે ભારે જહેમત બાદ પાણીમાંથી બાળકના મૃતદેહને બહાર કાઢ્યો હતો.

ઘટના સ્થળે મોટી સંખ્યામાં લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. બનાવની જાણ થતાં જ પારડી પોલીસ પણ તરત જ ઘટનાસ્થળે પહોંચી હતી અને સ્થિતિ નિયંત્રણમાં લઈ વધુ તપાસ હાથ ધરી હતી.

## ગુજરાત સ્ટેટ પાવર લિફ્ટિંગમાં નવસારીના પિતા-પુત્રની ગોલ્ડન કમાલ

નવસારીઃ સુરત ખાતે યોજાયેલી ગુજરાત સ્ટેટ પાવર લિફ્ટિંગ ચેમ્પિયનશિપ-2026માં ગુજરાત પોલીસમાં ફરજ બજાવતા અને નવસારીના રહેવાસી દિગ્વિજયસિંહ વિનોદસિંહ સિસોદિયા (ઉં.વ.41) એ માસ્ટર-વન કેટેગરીમાં 90થી 100 કિલો વજન વર્ગમાં ફુલ પાવર લિફ્ટિંગ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી ગોલ્ડ મેડલ અને ટ્રોફી પોતાના નામે કરી હતી. ઉપરાંત તેમણે બેન્ચ પ્રેસ અને ડેડલિફ્ટ સહિત ત્રણેય મુખ્ય સ્પર્ધાઓમાં પ્રથમ સ્થાન મેળવી એકસાથે અનેક ગોલ્ડ મેડલ્સ જીત્યા હતા. પિતાની પ્રેરણાથી તેમના પુત્ર 14 વર્ષીય કૃતાર્થસિંહે પણ બેન્ચ પ્રેસ અને ડેડલિફ્ટમાં ઉત્તમ પ્રદર્શન કરીને તેણે બે સિલ્વર મેડલ જીત્યા હતા. આ સિદ્ધિ તેમના ઉજ્જવળ રમતગમત ભવિષ્યનો સંકેત માનવામાં આવી રહી છે.

## જલાલપોરના સરાવગામમાં ધોળે દહાડે ઘરના તાળા તોડી ચોરી

નવસારીઃ જલાલપોર તાલુકાના સરાવગામમાં ધોળે દહાડે બસ સ્ટેન્ડ નજીકના રહેણાંક મકાનને નિશાન બનાવી અજાણ્યા તસ્કરો તાળું તોડી દાગીના અને રોકડ ચોરી ફરાર થઈ ગયા હતા. સરાવગામ બસ સ્ટેન્ડ પાસે અમલસાડ રોડ પર રહેતા દમયંતીબેન સાગરકુમાર પટેલના મકાનમાં 18 ફેબ્રુઆરી 2026ના રોજ સવારે અંદાજે 11:30થી બપોરે 1:45 દરમિયાન મકાન બંધ હોવાની તકનો લાભ લઈ તસ્કરોએ મુખ્ય દરવાજાનું તાળું તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. ઘરમાં લોખંડના કબાટને ખોલી અંદરના લોકરને તોડી સોનાના દાગીના તેમજ રોકડ રકમની ચોરી કરી હતી. આશરે રૂ. 45,600ના દાગીના અને રૂ. 7,000 રોકડ મળી કુલ રૂ. 52,600ની માલમત્તા ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું છે. બનાવ અંગે જલાલપોર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરવામાં આવી છે.

## ખેરગામમાં અમદાવાદના દંપતીનો મહિલા પર હુમલો

**પૈસા** નહીં આપો તો જાનથી મારી નાંખવાની ધમકી આપી

ખેરગામઃ ખેરગામમાં લોન પેટે લીધેલા નાણાંની પરત ચૂકવણી બાબતે એક મહિલાને ગાળો આપી, શારીરિક હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ મામલે ખેરગામ પોલીસે અમદાવાદના એક દંપતી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઘટનાની વિગતો મુજબ, ખેરગામના વેણ ફળિયામાં રહેતા વર્ષાબેન દીપકભાઈ પટેલ (ઉં.વ.42) જેઓ મજૂરી કામ કરી પોતાનું ગુજરાન ચલાવે છે. તેમણે અગાઉ આરોપીઓ પાસેથી લોન પેટે નાણાં લીધા હતા. ગત તારીખ 16 ફેબ્રુઆરી 2026ના રોજ રાત્રિના 8 વાગ્યાના અરસામાં જ્યારે વર્ષાબેન ખેરગામ બહેજ રોડ પર આવેલી છાંયડો હોસ્પિટલના કમ્પાઉન્ડમાં અને ત્યારબાદ ગીતાબેનના ઘર પાસે હતા ત્યારે મોટરસાઈકલ પર સવાર થઈને બે વ્યક્તિ ત્યાં આવ્યા હતા. હુમલો કરનાર આરોપીઓની ઓળખ જીગરભાઈ અવનેન્દ્રભાઈ વ્યાસ અને તેમની પત્ની ફાલ્ગુનીબેન જીગરભાઈ વ્યાસ (રહે., આયોજન નગર, અમદાવાદ) તરીકે થઈ છે. વર્ષાબેનના જણાવ્યા અનુસાર, આ દંપતીએ લોનના નાણાંની ઉઘરાણી બાબતે તેમની સાથે માથાકૂટ કરી હતી. આરોપીઓએ ઉશ્કેરાઈ જઈને વર્ષાબેનને જાહેરમાં ગંદી ગાળો આપી હતી. એટલું જ નહીં, જીગર વ્યાસે વર્ષાબેનના માથાના પાછળના ભાગે વારંવાર તપલીઓ મારી શારીરિક હુમલો કર્યો હતો. હુમલા દરમિયાન તેઓએ ધમકી આપી હતી કે, જો તમે પૈસા નહીં આપો તો તમને જાનથી મારી નાખીશું. આ ઘટના અંગે વર્ષાબેને ખેરગામ પોલીસમથકે ફરિયાદ નોંધાવતા વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ કલ્પેશભાઈ ઝવેરભાઈ કરી રહ્યા છે.

## વાપી રેલવે સ્ટેશને અજાણ્યા ઈસમે ટ્રેન સામે પડતું મુક્યું

વાપીઃ વાપી રેલવે સ્ટેશન પરથી પસાર થઈ રહેલી ઝાંસી-બાંદ્રા એક્સ.ટ્રેન સામે કોઈક અજાણ્યા ઈસમે પડતું મૂકી આપઘાત કરી લીધો હતો. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. વાપી રેલવે પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, તા.16-2-26 ના રોજ બપોરના બે વાગ્યાની આસપાસ પ્લેટફોર્મ નં.2 પાસે અપલાઈન ઉપરથી પસાર થઈ રહેલી ઝાંસી-બાંદ્રા એક્સ.ટ્રેન સામે એક ઈસમે કોઈ અગમ્ય કારણોસર પડતું મૂકી દીધું હતું અને તેના બંને પગ કપાઈ ગયા હતા અને ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટના સ્થળે જ મોત નીપજયું હતું. મરનાર ઈસમની ઓળખ થઈ શકી નથી. વાપી રેલવે પોલીસે ઈમસની ઓળખની દિશામાં તપાસ હાથ ધરી છે.

## વલસાડમાં નગરપાલિકાના શાસન સામે કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન

**નવી બોર્ડ** પ્રજાના કામોમાં સતત નિષ્ફળ રહી હોવાની રજૂઆત

વલસાડઃ વલસાડ નગરપાલિકા છેલ્લા કેટલાક સમયથી અણઘડ વહીવટના કારણે ચર્ચામાં આવી છે. પાલિકાના પ્રમુખ સહિતના પદાધિકારીઓને એક વર્ષ પૂર્ણ થયું છે. ત્યારે આ અવસરે વલસાડ કોંગ્રેસ દ્વારા તેમનો મોગરાવાડી ગરનાળા પાસે બેસી વિરોધ કરાયો છે. જેમાં તેમણે નવી બોર્ડ પ્રજાના કામોમાં સતત નિષ્ફળ રહી હોવાનું જણાવ્યું હતું.

વલસાડ નગરપાલિકાના ઉપપ્રમુખ આષુતોષ મિશ્રા દ્વારા કથિત રીતે મોગરાવાડી ગરનાળાના રોડ પરથી પેવર બ્લોક કાઢી નંખાયાની ઘટના બાદ સ્થાનિકોમાં ભારે નારાજગી જોવા મળી હતી. આ ઘટનાનો યુથ કોંગ્રેસ દ્વારા વ્યાપક વિરોધ કરાયો હતો. ત્યારબાદ આજરોજ



યુથ કોંગ્રેસના મિત દેસાઈ, જિલ્લા પંચાયતના માજી સભ્ય અને કોંગી અગ્રણી ધર્મેશ પટેલ, વિરોધ પક્ષના માજી નેતા ગિરીષ દેસાઈ સહિત અનેક કાર્યકર્તાઓ મોગરાવાડી ગરનાળા નજીક વિરોધ પ્રદર્શન માટે એકત્ર થયા હતાં. તેમણે જણાવ્યું કે, પાલિકાએ લોકો પાસેથી સેનિટાઈઝેશન માટે કરોડો રૂપિયાની વસૂલાત કરી હોવા છતાં શહેરમાં ગંદકીની ભરમાર છે. વલસાડની પ્રજાએ ભાજપને મત આપી 44 પૈકી 41 બેઠકો ભાજપને આપી હતી. તેમ છતાં નવી બોડી યોગ્ય કાર્ય કરી શકી નથી. તેમણે જણાવ્યું કે, 41 સભ્યો ભાજપના હોવા છતાં 41 નક્કર કામો થઈ શક્યા નથી.